સ્પોર્ટ્સ અપડેટ

ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનની વચ્ચે ટ્વેન્ટી જંગ રોચક રહેશે

કેનબેરા,

યજમાન ઓસ્ટ્રેલિયા અને પ્રવાસી પાકિસ્તાન વચ્ચે આવતીકાલે ત્રણ ટ્વેન્ટી-૨૦ મેચોની શ્રેણીની ત્રીજી મેચ કેનબેરાના મેદાન ખાતે રમાનાર છે. આ મેચને લઈને તમામ તૈયારી કરી લેવામા ંઆવી છે. એરોન ફિન્ચના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયા આવતીકાલે પણ ફેવરીટ ટીમ તરીકે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ટીમમાં તમામ સ્ટાર ખેલાડીઓ રહેલા છે. જેમાં ધરખમ ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર અને સ્ટીમ સ્મીથનો સમાવેશ થાય છે. ટેસ્ટ અને વન ડે ટીમમાં વાપસી કર્યા બાદ આ બંને ખેલાડી હવે ટ્વેન્ટી ક્રિકેટમાં પણ વાપસી કરી ચુક્યા છે. સ્પોટ ફિક્સિંગના મામલે ફસાયા બાદ પ્રતિબંધનો સામનો કર્યા પછી આ બંને ખેલાડીઓની ટીમમાં વાપસી થઈ છે. હાલમાં ઈંગ્લેન્ડમાં ટેસ્ટ શ્રેણીમાં સ્ટીમ સ્મિથે ધરખમ દેખાવ કરીને ક્રિકેટ ચાહકોને રોમાંચિત કરી દીધા હતા. પાકિસ્તાનની ટીમ બોલિંગમાં ખુબ મજબુત દેખાઈ રહી છે. તેની પાસે સ્ટ્રાઈક બોલર આમીર છે. જો કે બેટિંગમાં તેની પાસે કોઈ મજબુત ટીમ દેખાઈ રહી નથી. જેની નબળાઈ હાલમાં જોવા મળી ચુકી છે. સિડનીમાં રમાયેલી આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને વરસાદગ્રસ્ત મેચમાં ૧૫ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૭ રન કર્યા હતા. ૨૦ ઓવરની મેચને પહેલા ઘટાડીને ૧૫ ઓવર કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ વિના વિકેટે ૪૧ રન બનાવી લીધા હતા. મેચમાં વરસાદના કારણે રમત બગડી હતી. ૧૫ ઓવરમાં ૧૧૯ રન ઓસ્ટ્રેલિયાને કરવાના હતા પરંતુ ઓસ્ટ્રેલિયાએ ૩.૧ ઓવરમાં ૪૧ રન કરીને ઝડપી શરૂઆત કરી હતી અને એક વખતે એવું લાગી રહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા સરળતાથી ટાર્ગેટ સુધી પહોંચી જશે પરંતુ વરસાદ ફરી વિલન બનતા મેચને રોકી દેવામાં આવી હતી. પાકિસ્તાનની ટીમ ટ્વેન્ટી મેચો અને ટેસ્ટ શ્રેણી રમવા માટે ઓસ્ટ્રેલિયા પહોંચી છે. ત્રણ ટ્વેન્ટી મેચોની શ્રેણીની અંતિમ ટ્વેન્ટી મેચ ૮મી નવેમ્બરે પર્થ ખાતે રમાશે. ત્યારબાદ બે ટેસ્ટ મેચોની શ્રેણી શરૂ થશે જે પૈકીની પ્રથમ ટેસ્ટ મેચ ૨૧મી નવેમ્બરથી બ્રિસ્બેન ખાતે રમાશે જ્યારે બીજી ટેસ્ટ મેચ ૨૯મી નવેમ્બરથી એડિલેડ ખાતે રમાનાર છે. બંને ટીમો જોરદાર દેખાવ કરવા સજ્જ છે. ઓસ્ટ્રેલિયાએ હાલમાં જ ઘરઆંગણે ધરખમ દેખાવ કર્યો છે.

ઇંગ્લેન્ડને હાર આપી શ્રેણીમાં લીડ મેળવવા ન્યુઝીલેન્ડ ઉત્સુક

નેલ્સન,

ન્યુઝીલેન્ડ અને પ્રવાસી ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટ્વેન્ટી મેચોની શ્રેણીની ત્રીજી ટ્વેન્ટી મેચ આવતીકાલે મંગળવારના દિવસે નેલ્સન ખાતે રમાનાર છે. આને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. યજમાન ન્યુઝીલેન્ડની ટીમ આ મેચ જીતીને શ્રેણીમાં નિર્ણાયક લીડ મેળવી લેવા માટે ઉત્સુક છે. બીજી બાજુ બીજી ટ્વેન્ટી મેચમાં નિરાશાજનક દેખાવ કર્યા બાદ ઈંગ્લેન્ડની ટીમ આ મેચમાં વાપસી કરીને યજમાન ટીમ પણ દબાણ લાવવા માટે ઉત્સુક છે. કેન વિલિયમસનની ગેરહાજરીમાં ન્યુઝીલેન્ડની ટીમ રમી રહી છે. બીજી મેચમાં ઓપનિંગ બેટ્સમેન ગુપ્ટિલ ફોર્મમાં દેખાયો હતો. જેથી નવી આશા જાગી છે. તેના પર ન્યુઝીલેન્ડ ટીમ મોટા સ્કોર માટે આધારિત રહી શકે છે. ટોસ પણ મેચમાં નિર્ણાયક ભૂમિકા અદા કરનાર છે. ટીમમાં રોસ ટેલર જેવા અનુભવી ખેલાડી પણ છે. ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ ટ્વેન્ટી મેચોની શ્રેણી રમાનાર છે ત્યારબાદ બે ટેસ્ટ મેચો રમાશે જે પૈકી પ્રથમ ટેસ્ટ મેચ ૨૧મી નવેમ્બરથી શરૂ થશે જ્યારે બીજી ટેસ્ટ મેચ ૨૯મી નવેમ્બરથી હેમિલ્ટન ખાતે રમાશે. પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડે જીત મેળવી લીધા બાદ બીજી મેચમાં ન્યુઝીલેન્ડે જીતીને પાંચ મેચોની શ્રેણીને ૧-૧ રન બરોબર કરી છે જેથી આગામી મેચો ખુબ રોચક બને તેમ માનવામાં આવે છે. ત્રીજી ટ્વેન્ટી મેચ પાંચમી તારીખે નેલ્સન ખાતે રમાશે જ્યારે ચોથી ટ્વેન્ટી મેચ ૮મી નવેમ્બરના દિવસે નેપિયર ખાતે અને પાંચમી ટ્વેન્ટી મેચ ૧૦મી નવેમ્બરના દિવસે ઓકલેન્ડ ખાતે રમાશે. બંને ટ્વેન્ટી મેચો અને બાકીની ટેસ્ટ મેચો માટે ન્યુઝીલેન્ડ ઘરઆંગણે લડાયક મૂડમાં છે.વેલિંગ્ટનમાંરમાયેલી ટ્વેન્ટી મેચોની શ્રેણીની બીજી ટ્વેન્ટીમાં ન્યુઝીલેન્ડે ઈંગ્લેન્ડ ઉપર જીત મેળવી શ્રેણીને ૧-૧થી બરોબર કરી દીધી છે.

તરસાલી ગામના ઉપસરપંચ દ્વારા વૃક્ષો મૂળ સાથે ઉખેડી નાખતા જીલ્લા કલેક્ટરને રજૂઆત

નાના મોટા વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપી નાંખી ખાનગી ખેતીની જમીનોમાં પણ રેતી વહન કરવા દબાણ કરી રસ્તો બનાવી રહ્યા છે.

ભરૂચ,

ભરૂચ જીલ્લા ના ઝઘડિયા તાલુકાના તરસાલી ગામના ઉપ સરપંચ હુસેન મહંમદ અને તેના મળતીયાઓ દ્વારા નર્મદા માંથી રેતી ઉલેચી ટ્રકો દ્વારા વહન કરવા પટાર ગામ થી જુના ટોથીદરા (વડ તરફ) ગામ તરફ જવાના રસ્તા પર વૃક્ષો મૂળ સાથે ઉખેડી તેમજ નાના મોટા વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપી નાંખી ખાનગી ખેતીની જમીનોમાં પણ રેતી વહન કરવા દબાણ કરી રસ્તો બનાવી રહ્યા છે.તે બાબતે ગ્રામજનો દ્વારા જીલ્લા કલેક્ટરને લેખિતમાં આવેદનપત્ર પાઠવી ગેરકાયદેસર રીતે વૃક્ષો છેદન કરવા બદલ અને ખેડૂતો ની ખાનગી જમીનમાં દબાણ કરી પાકને નુકસાન કરવા બદલ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

ચોમાસુ પૂરું થયું એટલે હવે ઝઘડિયાના નર્મદા કાંઠા વિસ્તારમાં રેતી માફિયાઓનો ત્રાસ શરૂ થયો છે.પૈસાના જોરે અને રાજકીય વગ વાપરી સરકારી બાબુઓના મેળાપીપણા માં આડેધડ રેતી ઉલેચવા સહીત પર્યાવરણ ને નુકસાન,ગ્રામજનોને હેરાનગતિ સહિતના ફરિયાદો ઉઠવા પામી છે.ગામનો વિકાસ કરવા ગામ લોકો પંચાયતમાં સરપંચ,ઉપસરપંચને ચૂટી લાવતા હોઈ છે.ત્યારે અહી ઉપસરપંચ દ્વારા જ કાયદાની ઐસી તેસી કરી વૃક્ષોનું મૂળ માંથી જ નિકંદન કાઢી નાંખતા હોવાની ફરિયાદ થઈ છે.ભાલોદ ગામના મનહરભાઈ વિરજાયા અને જયેશભાઈ પરમાર નામના બે ખેડૂતોએ તરસાલી ગામના ઉપસરપંચ હુસેન મહમદ,ગુલામ મહમદ શેખ,કાદર કાસમ મંત્રી વિરૂદ્ધ કલેક્ટરને રજૂઆત કરી છે.ખેડૂતોએ આપેલ આવેદનમાં તેમને જણાવ્યું છે કે તેમના ગામ વિસ્તારના ખેડૂતોને ખેતીકામ માટે વગડે આવવા જવાના મોજે પટાર ગામ થી જુના ટોથીદરા (વડ તરફ) ગામ તરફ જે ગાડાવાટ રસ્તો છે.તે રસ્તો હાલમાં ગામના સરપંચના મેળાપીપણા માં ગેરકાયદેસર રીતે નદી માંથી રેતી કાઢવા પહોળો બનાવામાં આવે છે.જે ખેડૂતોના ખેતી પાકને નુકસાનકારક તેમજ માલિકી ની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બનાવામાં આવી રહેલો છે.આ બાબતે ગામના સરપંચને તથા તરસાલી ગામના ઉપસરપંચ હુસેન મહમદ,ગુલામ મહમદ શેખ,કાદર કાસમ મંત્રી તેમજ અન્ય ઈસમો હિટાચી મશીન જેની નંબર પ્લેટ નથી તેના વડે ખોદકામ કરે છે.આ રસ્તાની કામગીરી દરમ્યાન સરકારી જમીનમાં બે વર્ષ જુના બાવળના ઝાડો મશીન વડે મૂળ માંથી ઉખેડી નાંખ્યા છે.સાથે સાથે અન્ય નાના મોટા ઝાડોનું પણ નિકંદન કાઢી નાખેલ છે.ગેરકાયદેસર કૃત્ય કરનાર ઈસમો રાજકીય વગ ધરાવે છે,પૈસા પાત્ર અને ઝનૂની માથાભારે ઈસમો હોઈ તેમની સામે કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

યુપીમાં ૨૦૨૨ પૂર્વે માળખુ મજબુત કરવા માટે તૈયારી

લખનૌ,

ઉત્તરપ્રદેશ વિધાનસભાની પેટાચૂંટણી બાદ તમામ મોટા રાજકીય પક્ષો હવે આગામી વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારીમાં લાગી ગયા છે. વર્ષ ૨૦૨૨માં ચૂંટૅણી યોજાનાર છે પરંતુ રાજકીય પક્ષો તેમના આધારને મજબુત કરવા અને લોકોમાં લોકપ્રિય થવા માટેના પ્રયાસમાં લાગી ગયા છે. આની તૈયારી કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી સઅને અન્ય રાજકીય પક્ષોએ શરૂ કરી દીધી છે. પેટાચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિરોધ પક્ષો મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારને જુદા જુદા વિષય પર ઘેરવા લાગેલા છે. ભારતીય જનતા પાર્ટીની નીતિઓની સામે કોંગ્રેસ પાર્ટી આવતીકાલે પાંચમી નવેમ્બરથી આંદોલન કરવા જઈ રહી છે. સમગ્ર પ્રદેશમાં તે આંદોલન કરનાર છે. બીજી બાજુ અખિલેશ યાદવ પણ લોકોના મન જીતવા માટે સમગ્ર પ્રદેશમાં સાયકલ યાત્રા કરવા માટેની તૈયારીમાં છે. જો કે બહુજન સમાજવાદી પાર્ટી દ્વારા આવા કોઈ કાર્યક્રમની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. જો કે માયાવતી હાલમાં ટ્વિટર પર સક્રિય થયેલા છે. ભારતીય જનતા પાર્ટી પણ પાછળ નથી. તે વિપક્ષની ધારને કમજોર કરવામાં લાગેલી છે. કોંગ્રેસ અને સમાજાવાદી પાર્ટી તાજેતરમાં જ યોજાયેલી પેટાચૂંટણીના પરિણામને લઈને કેટલાક અંશે સંતુષ્ટ છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટી ગુમાવી દેવામાં આવેલી દરેક સીટ પર મંથન કરીને પાર્ટીની સ્થિતીને મજબુત કરવા માટે તૈયાર છે. યોગી આદિત્યનાથ, માયાવતી, અખિલેશ યાદવ અને પ્રિયંકા સહિતના તમામ મોટા નેતા સોશિયલ મિડિયા પર જોરદાર રીતે સક્રિય છે. સોશિયલ મિડિયા મારફતે યોગી સરકારના પ્રધાનો અને ભારતીય જનતા પાર્ટીના ટોપ નેતાઓ અને કાર્યકરો સરકારની સિદ્ધીઓની વાત લોકો સુધી પહોંચાડી દેવાના પ્રયાસ કરી રહ્યા છે.

અખિલેશ, માયાવતી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા વાઢેરા કોઈને કોઈ મુદ્દા પર સરકારને દરરોજ મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કરી રહ્યા છે. અર્થવ્યવસ્થાની ખરાબ હાલત સહિત શ્રેણીબદ્ધ મુદ્દાને લઈને કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં પ્રદેશ વ્યાપી આંદોલન કરવાના મુડમાં છે.

વૈષ્ણવાચાર્યશ્રી વ્રજનાથજી મહારાજશ્રીની ષષ્ઠી પૂર્તિની આજથી ભવ્ય ઉજવણી

અમદાવાદ,

શ્રી નટવર પ્રભુ અને શ્રી ગુંસાઈજી, શ્રી ગોકુલ નાથજીની અસી કૃપાથી ગોસ્વી ૧૦૮ શ્રી વ્રજનાથજી મહારાજનો ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રાચીન અસારવા બેઠક ખાતે ભવ્યતાથી ઉજવાશે. ષષ્ઠી પૂર્તિ મહોત્સવ કમિટીના આયોજકોએ જણાવ્યું કે આદરણીય વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજનાથજી મહારાજનો ષષ્ઠી મૂર્તિ મહોત્સવ કારતક સુદ-૯ને તા.૫-૧૧-૧૯થી કારતક સુદ-૧૪ને તા.૧૧-૧૧-૧૯ સુધી અસારવા બેઠક ખાતે ભવ્યતાથી ઉજવાશે. જેમાં ગોવર્ધન પૂજા, અન્નકૂટ મહોત્સવ, ઈન્દ્રમાન ભંગ, હટરી દીપમાલિકા, બડામનોરથ જેવા ઉત્સવો ઉજવાશે, જ્યારે કારતક સુદ-૧૨ને તા.૯-૧૧-૨૦૧૯ના રોજ શ્રી વ્રજનાથ મહારાજના પ્રાગટ્ય દિવસે વૈદિક માંકડેય પૂજન સહિત ષષ્ઠી પૂર્તિ મહોત્સવ સવારે ૧૧ વાગે અસારવા બેઠક ખાતે ઉજવાશે.

મઉં ગ્રામ પંચાયતમાં મહિલાઓએ પીવાના પાણીના મુદ્દા હેઠળ હોબાળો મચાવ્યો

ભિલોડા,

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉં ગામની મઉં ગ્રામ પંચાયતમાં મહિલાઓએ પીવાના પાણીની સમસ્યા સંદર્ભે ભારે હોબાળો મચાવ્યો હતો.મઉં ગામની જાગૃત મહિલાઓ અને ગ્રામજનોએ જણાવ્યું હતું કે પીવાનું પાણી અઠવાડીયામાં એક જ વાર આપવામાં આવતા ગંભીર સમસ્યા છે.ગ્રામ પંચાયતના સત્તાધીશો ધ્વારા સત્વરે નિયમીત પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી આપવામાં નહી આવે તો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી ઉચ્ચારી હતી.પીવાના પાણી સંદર્ભે ગંભીર સમસ્યા સર્જાતા રોષે ભરાયેલી મહિલાઓએ હાય રે સરપંચ હાય હાયના છાજીયા લીધા હતા.માટલા ફોડી પ્રચંડ વિરોધ દર્શાવ્યો હતો.ચોમાસા દરમ્યાન સાર્વત્રીક મેઘમહેર દરમ્યાન હાથમતી જળાશય અને ઈન્દ્રાસી જળાશયમાં ભરપુર પાણીથી છલોછલ હોઈ ત્યારે જળાશયના કિનારે આવેલ મઉં ગામમાં ભરપુર પાણી હોવા છતાં અઠવાડીયામાં એક જ વાર પાણી આપવામાં આવતા મહિલાઓમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે.

મહિલાઓએ જોરશોરથી સત્તાધીશો વિરૂધ્ધ સુત્રોચ્ચાર પોકાર્યા અને માટલા ફોડી વિરોધ દર્શાવ્યો

તાના-રીરી મહોત્સવનો મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં તા. ૬ઠ્ઠી નવેમ્બરે વડનગર ખાતે શુભારંભ

મુખ્યમત્રીશ્રીના હસ્તે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ અપાશે

ગાંધીનગર,

કવિ નરસિંહ મહેતાની દૌહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના-રીરીની યાદમાં દર વર્ષે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૬ઠ્ઠી નવેમ્બરે સાંજે ૭.૩૦ કલાકે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવ-૨૦૧૯નો શુભારંભ કરવામાં આવશે. જ્યારે તા. ૭ નવેમ્બરે સાંજે ૭.૩૦ કલાકે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં તાના-રીરી મહોત્સવનો સમાપન સમારોહ યોજાશે. આ મહોત્સવમાં ૦૬ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તાના-રીરી એવોર્ડ સુશ્રી અશ્વિની ભીડે દેશપાંડે અને સુશ્રી પિયુ સરખેલને આપવામાં આવનાર છે. પ્રથમ દિવસે એવોર્ડી કલાકારો શાસ્ત્રીય ગાયન રજુ કરનાર છે. આ ઉપરાંત સુશ્રી અનુરાધા પૌડવાલ દ્વારા ગાયન અને ડૉ.ધ્વીન વચ્છરાજાની, સુશ્રી ગાર્ગી વોરા અને સુશ્રી ભક્તિ જોષી દ્વારા શાસ્ત્રીય ગાયન રજુ થનાર છે. ૦૬ નવેમ્બરે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે અને રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત પ્રથમ દિવસે વિવિધ વિશ્વ રેકોર્ડ પણ થવાના છે જે અંગેના કાર્યક્રમો ૦૬ નવેમ્બરે સાંજે ૦૪ કલાકથી યોજાવાનો છે. અ ર ા ે ઉલ્લેખનીય છે કે, વડનગરની સંગીત બેલડી નાગર બહેનોની યાદમાં તાના-રીરી મહોત્સવનું દરવર્ષે આયોજન કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા કલા અને સાંસ્કૃતિ વારસો જાળવી રાખવાનું કામ તાના-રીરી મહોત્સવ દ્વારા થઈ રહ્યું છે. તાનસેનને દીપક રાગનું ગાન કર્યું જેનાથી તેના શરીરમાં અગનજવાળાઓ ઉઠી અને મેઘ મલ્હાર રાગ ગાઈ તાના-રીરી બહેનોએ શાંત કરી હતી.આ બાબતની જાણ થતાં અકબર બાદશાહે બે બહેનોને દીલ્હી દરબારમાં બોલાવ્યા પરંતુ બે બહેનો ત્યાં ન જતા વડનગર ખાતે જાતે અગ્નિસ્નાન કર્યું હતું. બે બહેનોની યાદમાં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે તાના-રીરી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. તાના-રીરી મહોત્સવ દર વર્ષે કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૦થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી.

આ એવોર્ડમાં રૂ. ૦૫ લાખની રાશી (સંયુક્ત રીતે રૂ ૦૨.૫૦ રૂપિયા), તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ૨૦૧૦-૨૦૧૧ માં સંયુકત રીતે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશકરને, બીજા વર્ષે ૨૦૧૧-૨૦૧૨માં પદ્મભૂષણ શ્રી ગિરીજાદેવીને, ૨૦૧૨-૨૦૧૩માં કિશોરી અમોનકર, ૨૦૧૩-૨૦૧૪માં સુશ્રી બેગમ પરવીન સુલતાના, ૨૦૧૪-૨૦૧૫માં સુશ્રી સ્વર યોગીની ડૉ.પ્રભા અત્રે, ૨૦૧૫-૨૦૧૬માં શ્રીમતી વિદુષી મંજુબહેન મહેતા અમદાવાદ અને ડૉ. શ્રીમતી લલીત જે રાવ મહેતા બેંગ્લોરને અર્પણ કરાયો હતો. ૨૦૧૬-૨૦૧૭નો એવોર્ડ પદ્મશ્રી આશા ભોંસલને અર્પણ કરાયો હતો. ૨૦૧૭-૨૦૧૮નો સંયુક્ત રીતે પદ્મભૂષણ ડૉ. શ્રીમતી એન.રાજમ અને સુશ્રી વિદુષી રૂપાંદે શાહને અર્પીત કરાયો હતો

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગના અગ્ર સચિવ સી.વી સોમ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને જિલ્લા કલેકટર એચ.કે.પટેલ દ્વારા યાદીમાં જણાવાયું છે.

ડિજિટલ પેમેન્ટના ક્ષેત્રમાં મંજુરી આડે અનેક ખતરા

નવીદિલ્હી,

મોદી સરકારે વોટ્સએપ જેવા સોશિયલ મિડિયા પ્લેટફોર્મને ડિજિટલ પેમેન્ટના ક્ષેત્રમાં મંજુરી આપવામાં જોખમના મુદ્દે રિઝર્વ બેંક અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સમક્ષ રજૂઆત કરી છે. મેસેજિંગ એપના હેકિંગના હાલમાં બનેલા બનાવોના સંદર્ભમાં ડિજિટલ પેમેન્ટના ક્ષેત્રમાં વોટ્સએપ જેવા સોશિયલ મિડિયા પ્લેટફોર્મને મંજુરી આપવાના મુદ્દે રજૂઆત કરવામાં આવી છે. સરકારના સર્વોચ્ચ સ્તર પર હેકિંગની ઘટનાઓ ઉપર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આને લઈને વિરોધ પક્ષો પણ આક્રમક બની રહ્યા છે. આ સંદર્ભમાં વાત કરતા નામ જાહેર નહીં કરવાની શરતે એક સરકારી અધિકારીએ કહ્યું છે કે, અમે આરબીઆઈ અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સમક્ષ રજૂઆત કરી દીધી છે. સાથે સાથે કેટલાક જરૂરી પગલા પણ લેવામાં આવી રહ્યા છે. ફાઈનાન્સિયલ ડેટાની સુરક્ષાની ખાતરી કરવા જરૂરી પગલા લેવાઈ રહ્યા છે. અમેરિકામાં એક ઈઝરાયેલી કંપની એનએસઓ અને તેની ગૌણ સોફ્ટવેર પેગાસસની સામે દાવો કરવામાં આવી ચુક્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, સોશિયલ મિડિયાનો દુરુપયોગ કરીને ડેટાની ચોરી કરવામાં આવી રહી છે. આના કારણે ભારતીય સત્તાવાળાઓ પણ ચોંકી ગયા છે. બીજી બાજુ ફેસબુકની માલિકીની કંપની વોટ્સએપે ભારપૂર્વક કહ્યું છે કે, તેના દ્વારા સત્તાવારરીતે હેકિંગના મામલામાં ધ્યાન આપવામાં આવી રહ્યું છે. બીજી બાજુ સંઘના પૂર્વ વિચારક કેએન ગોવિંદાચાર્યએ સુપ્રીમ કોર્ટમાં પત્ર લખીને મેસેજિંગ કંપની અને વોટ્સએપ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું છે કે, આ સમગ્ર મામલામાં રાષ્ટ્રીય તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી છે. વોટ્સએપ, ફેસબુક, એનજીઓ ગ્રુપ અને ક્યુ સાયબર ટેકનોલોજીની સામે તપાસ કરવા માટેની માંગ કરવામાં આવી છે. પેમેન્ટના મામલામાં સોશિયલ મિડિયામાં એક નવી ચર્ચા છેડાઈ છે. પેમેન્ટ આડે ખતરાઓની વાત થઈ રહી છે.

વોટ્સએપ જેવા પ્લેટફોર્મ મારફતે ડિજિટલ પેમેન્ટની સુરક્ષાના મામલામાં ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. ભારતમાં આ પ્રકારની હિલચાલના લીધે વોટ્સએપ પેમેન્ટ સર્વિસના લોંચમાં વિલંબ થવાની શક્યતા દેખાઈ રહી છે. સરકાર દ્વારા આ સંદર્ભમાં હજુ સુધી કોઈ સ્પષ્ટ વાત કરવામાં આવી નથી. હવે સરકારના સર્વોચ્ચ સ્તર પર આમા નજર રાખવામાં આવી રહીછે.

કાઠમંડુ પાસે બસ નદીમાં પડતા ૮ લોકોના મોત થયાં

કાઠમંડુ,

અકસ્માતની ઘટનાઓમાં રોજે રોજ અનેક લોકોના મોતનો આંકડો દિવસેને દિવસે વધતો જ જાય છે. નેપાળમાં એક મોટી બસ દુર્ઘટના સામે આવી છે, જેમાં ૮ મુસાફરોના સ્થળ પર જ મોત થયા છે.

અત્યાર સુધી મળેલી જાણકારી અનુસાર, કાઠમંડુ જઈ રહેલી બસ રસ્તામાં જ એક નદીમાં પડી ગઈ. આ દુર્ઘટનાનો શિકાર થયેલી બસમાં લગભગ ૩૪ જેટલા મુસાફરો સવાર હતા, જેમાંથી ૮ લોકોના ઘટના સ્થળ પર જ મોત થયા છે. જ્યારે અન્ય કેટલાક લોકો હજુ લાપતા છે. ઘટનાની જાણ થતા તંત્ર દ્વારા રાહત બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ બસ દોખાલાથી કાઠમંડુ જઈ રહી હતી, તે સમયે સુનકોસી નદી પાસેથી પસાર થતા સમયે ડ્રાઈવરે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા બસ નદીમાં ખાબકી છે.આઠ લોકોની બોડી મળી છે, જ્યારે કેટલાક ઈજાગ્રસ્ત પણ થયા છે. હાલમાં રાહત અને બચાવની ટીમ લાપતા લોકોની શોધ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા ૧૨ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ પણ નેપાળમાં બસ દુર્ઘટના બની હતી, જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં ૧૦૮ લોકો ઘાયલ થયા હતા. આ યાત્રી બસ કાઠમંડુથી સવારી લઈ જઈ રહી હતી.

મોડાસામાં પાક નિષ્ફળ જતાં મહિલા ખેડૂતે ગળેફાંસો ખાઈ લીધો

અરવલ્લી,

કમોસમી વરસાદને પગલે અનેક ખેડૂતોનો ઉભો પાક બરબાદ થઈ ગયો છે. રાજ્યમાં અનેક એવા વિસ્તારો છે જે માત્ર એક જ ચોમાસુ પાક પર આધાર રાખી જીવન નિર્વાહ કરતા હોય છે, જ્યારે આ વખતે ચોમાસુ તો સારૂ રહ્યું પરંતુ કમોસમી વરસાદે ઘણા ખેડૂતોનો ઉભો પાક બરબાદ કરી દીધો છે. જેને પગલે વધુ એક ખેડૂતે મોત વાહલું કરવું પડ્યું છે. મોડાસાના મોદરસુંબા ગામમાં પાક નિષ્ફળ જતા એક મહિલા ખેડૂતે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દેતા ચકચાર મચી છે.

રાજયમાં દિવસને દિવસે ખેડૂતોની સ્થિતિ દયનીય બની રહી છે. આવી સ્થિતિથી હારી ખેડૂત આપઘાત કરી રહ્યો છે, લીલા દુષ્કાળ પછી કમોસમી વરસાદે મગફળી અને કપાસ સહીત અન્ય પાકનો દાટ વાળી દેતા જગતના તાત માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે. ખેડૂતો મોંઘાદાટ બિયારણ અને જંતુનાશક દવાનો ખર્ચ અને રાત દિવસ મજૂરી પછી ખેતર લહેરાતા પાકને કુદરતની થપાટથી ચોપાટ થતા અને પોષણક્ષમ ભાવના અભાવે અનેક ખેડૂતોને આત્મહત્યા કરવા મજબુર કર્યા હોય તેવી અનેક ઘટનાઓ બની રહી છે.

અરવલ્લી જીલ્લામાં સપ્તાહમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકતા ખેડૂતોની મગફળી અને કપાસનો પાક મોટાપાયે નિષ્ફળ રહેતા ખેડૂતો ચિંતિત બન્યા છે. મોડાસા તાલુકાના મોદરસુંબા ગામની મહિલા ખેડૂતે ૩ વીઘા જેટલા ખેતરમાં વાવેલ મગફળી અને અડદનો પાક નિષ્ફળ જતા પુત્રને પરણાવવાનું સ્વપ્ન રોળાતા મહિલાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા મહિલાના પુત્ર અને પુત્રી સહીત પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. કમોસમી વરસાદથી પાકમાં થયેલા નુકસાનને પગલે અરવલ્લી જિલ્લામાં મહિલા ખેડૂતે જીવન ટૂંકાવી દીધુ છે. મોડાસા તાલુકાના મોદરસુંબા ગામે દીકરા સાથે રહેતા મંજુલાબહેન કમોસમી વરસાદથી ઘણાં જ આઘાતમાં સરી પડ્યા હતા, અને જીવન ટૂંકાવ્યું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ મંજુલાબહેને તેમના ચાર વિઘા ખેતરમાં મગફળી, કપાસ અને અળદની ખેતી કરી હતી. તેમને આશા હતી કે, તેમના સારા પાકથી જે નાણાં મળશે તેનાથી તેમના દીકરાનું લગ્ન કરાવશે, પણ કમોસમી વરસાદે તેમની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું.

પશ્ચિમ રેલ્વેનો ૬૯મો સ્થાપના દિવસ

પશ્ચિમ રેલ્વેની સ્થાપના ૫ નવેમ્બર ૧૯૫૧ ના રોજ થઈ જ્યારે પૂર્વવર્તી બોમ્બે, બડૌદા અને સેન્ટ્રલ ઈન્ડિયા ને અન્ય રિયાસત રેલો (સૌરાષ્ટ્ર, રાજસ્થાન, જયપુર) ની સાથે જોડવામાં આવ્યું. પશ્ચિમ રેલ્વે બન્યા પછી આ ક્ષેત્રીય રેલ્વે, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન ને પોતાની સેવાઓ પ્રદાન કરે છે હાલમાં આ રેલ્વે પર મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, ભાવનગર, અમદાવાદ, રાજકોટ તથા રતલામ સહીત કુલ છ ડિવિઝન છે. પહેલા આ રેલ્વે માં જયપુર, અજમેર અને કોટા ડિવિઝન પણ હતા. જેને પછી જયપુર અને અજ